ઉધના હોલ્ડિંગ એરિયા કચરાપેટી બની ગયો

પહેલા જ દિવસે ગંદકી જોઇને સફાઇ કર્મચારીઓ પરેશાન

મુસાફરોએ પાન-માવાની પિચકારી મારી, બોટલો ફેંકી

સુરતઃ દિવાળી અને છઠના તહેવારો પર વતન જતા હજારો મુસાફરોની સુવિધા અને ભીડના વ્યવસ્થાપન માટે પશ્ચિમ રેલવે દ્વારા ઉધના સ્ટેશન પર જે હોલ્ડિંગ એરિયાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી, તેની હાલત પહેલા જ દિવસે દયનીય થઈ ગઈ હતી. રેલવેની તમામ તૈયારીઓ પર મુસાફરોની બેદરકારીએ પાણી ફેરવી દીધું હતું અને મુસાફરોની સુવિધા માટે બનાવેલો આ હોલ્ડિંગ એરિયા ગંદકીના ઢગલામાં ફેરવાઈ ગયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ 31 ઓક્ટોબરની રાત્રે 10.40 વાગ્યાથી 1 નવેમ્બર સવારે 11 વાગ્યા સુધીના માત્ર 12 કલાકમાં લગભગ 30 હજાર મુસાફરો ઉધનાથી રવાના થયા હતા. આ ભીડને કાબૂમાં રાખવા માટે રેલવેએ પ્લેટફોર્મ-6 પાસે વિશાળ હોલ્ડિંગ એરિયા બનાવ્યો હતો, જેમાં બેસવા માટે બેન્ચ, પીવાનું પાણી, લાઈટ, પંખા, ટોઈલેટ અને વધારાની 13 ટિકિટ બારીઓ, 300 જેટલા RPF-GRP જવાનો અને મેડિકલ ટીમ તૈનાત કરવામાં આવી હતી. પરંતુ પહેલા જ દિવસે આખા એરિયામાં ઠેર-ઠેર પાન-માવાની લાલ પિચકારીઓ જોવા મળી હતી.


આ પરિસ્થિતિમાં રેલવેના સફાઈ કર્મચારીઓના હાલ બેહાલ થઈ ગયા હતા. હોલ્ડિંગ એરિયા ખાલી થયા બાદ સફાઈ કર્મચારીઓને સફાઈ કરતા નવનેજા પાણી ઊતર્યા હતા. કલાકો સુધી સફાઈ કરવી પડી હતી. એક સફાઈ કર્મચારીએ જણાવ્યું હતું કે, અમારી ફરજ છે અમે કચરો ઉપાડી સફાઈ કરી લઈશું. પરંતુ લોકોએ પણ સમજવું જોઈએ. રેલવેએ મુસાફરોની સુવિધા માટે સુંદર હોલ્ડિંગ એરિયા બનાવ્યો છે તેને ગંદો કરવો ન જોઈએ. લોકો કચરાપેટી હોવા છતાં નીચે જ ફેંકી દે છે. તે ખોટું છે.

આ મામલે રેલવે પ્રશાસને મુસાફરોને અપીલ કરી છે કે આ હોલ્ડિંગ એરિયા મુસાફરોના જ આરામ અને સુરક્ષા માટે બનાવવામાં આવ્યો છે. ટ્રેન આવે ત્યાં સુધી તમને તડકા-વરસાદથી બચાવવા અને પ્લેટફોર્મ પર ધક્કામુક્કીથી બચાવવા માટે આ વ્યવસ્થા છે, તો તેને સ્વચ્છ રાખવાની જવાબદારી પણ મુસાફરોની જ છે. કચરો કચરાપેટીમાં નાંખો અને પાન-ગુટખા ખાઈને દીવાલો બગાડો નહીં, જો મુસાફરો સહયોગ નહીં આપે તો આવનારા દિવસોમાં તહેવારની ભીડમાં આ હોલ્ડિંગ એરિયામાં બેસવું પણ મુશ્કેલ બની જશે.

આ રીતની ગંદકી જોવા મળી

» વોશ બેઝિન, ફ્લોરના ખૂણા-ખૂણા લાલ ડાઘાથી ભરાઈ ગયા » જમીન પર પાણીની ખાલી બોટલો, ચા-નાસ્તાના કાગળના કપ » પ્લાસ્ટિકની પ્લેટો, બીડી-સિગરેટના ઠૂંઠા અને વધેલા ખોરાકનો કચરો » કેટલાક લોકોએ ટોઇલેટનો યોગ્ય રીતે ઉપયોગ ન કરતા ત્યાં પણ ગંદકી





લગ્નની લાલચ આપી નર્સ પર દુષ્કર્મ આચરનાર પ્રેમી વિરુદ્ધ ગુનો દાખલ

સુરત : મૂળ મધ્યપ્રદેશની મૂળ વતની અને હાલ સુરતના ન્યુ સિટી લાઈટ રોડ પર આવેલી એક હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતી ૩૩ વર્ષીય (મમતા નામ બદલ્યું છે) ને વર્ષ ૨૦૨૫ ના ડિસેમ્બર મહિનામાં ઈન્સ્ટાગ્રામ આઈડી પર 'વિવેક પટેલ' નામના યુવક તરફથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી, મિત્રતા થઈ અને પછીથી પ્રેમસંબંધ બંધાયો હતો. આરોપી વિવેક જયસુખભાઈ ગજેરા (ઉ.વ. ૨૪, રહે. પ્લોટ નં. ૫૨, શ્રૃંગલ હોમસ પ્રગતિ બંગલો નજીક, પાસોદરા, કામરેજ) એ અગાઉ ફેબ્રુઆરી-૨૦૨૬ માં અલથાણના આભવા રોડ પર આવેલી હોટલ હોલમાર્ક તથા બાદમાં કામરેજની ડેલીઝા હોટલ સહિતના સ્થળોએ લગ્ન કરવાનું વચન આપીને યુવતીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યા હતા. બાદમાં વિવેક અને તેના પરિવારે જાતિ અલગ હોવાનું તથા પરિવાર રાજી ન હોવાનું કારણ ધરીને લગ્ન સાફ ના પાડી દીધી હતી અને તરછોડી દીધી હતી.

સ્કૂલ-કોલેજ કેમ્પસ

પ્રો.અમિત મેહતાને પીએચ.ડી.ની પદવી એનાયત



સુરતઃ સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેક્નોલોજીના મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત પ્રો.અમિત ઉમેશભાઈ મેહતાએ રજૂ કરેલા મહાશોધ નિબંધ 'EXPERIMENTAL AND NUMERICAL STUDY OF MODULAR HYDRO TURBINE BASED ON CANAL FLOW'ને ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય ડો.પંકજકુમાર પરાગભાઈ ગોહિલ અસોસિયેટ પ્રોફેસર સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી કોલેજના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

પ્રો. સતીષ ડોકીપર્તીને PH.D.ની પદવી એનાયત



સુરતઃ સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના મિકેનિકલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત પ્રો.સતીષ ડોકીપર્તીએ રજૂ કરેલા મહાશોધ નિબંધ 'Experimental and Numerical Investigation of Centrifugal Pump for Performance Improvement through Modification in Non-Flow Zone'ને સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SVNIT)એ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય ડો.આશિષ વી. દોશી અને ડો.બડે મુકુંદ, એસોસિએટ પ્રોફેસર, સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SVNIT)ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

ખેલ મહાકુંભમાં કબડ્ડીમાં એંગ્લો ઉર્દૂ શાળાની વિદ્યાર્થિનીઓનું શાનદાર પ્રદર્શન



સુરતઃ ખેલ મહાકુંભ ૨૦૨૬-૨૭ અંતર્ગત યોજાયેલી કબડ્ડી સ્પર્ધામાં સુરતની બે શાળાની વિદ્યાર્થિનીઓએ નોંધપાત્ર સફળતા મેળવી છે. જનાબ બાબુભાઈ સોપારીવાલા ગર્લ્સ પ્રાયમરી સ્કૂલની અંડર-૧૪ બહેનોની કબડ્ડી ટીમે તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ચેમ્પિયન બની શાળાનું ગૌરવ વધાર્યું હતું. બીજી તરફ, તા. 30 સપ્ટેમ્બરના રોજ મજૂરાગેટ સ્થિત ગુજરાત સ્પોર્ટ્સ સંકુલ ખાતે યોજાયેલી અંડર-૧૭ બહેનોની કબડ્ડી સ્પર્ધામાં ફૈઝ એ.એ. ચકડીવાલા ગર્લ્સ હાઈસ્કૂલની ટીમે કેન્દ્રિય ઝોન કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવી રનર્સ-અપનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. બંને શાળાની વિદ્યાર્થિનીઓને ધી સુરત મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ એડવોકેટ નસીમ કાદરી,સેક્રેટરી અબ્દુલ હય મુલ્લા અને આચાર્ય શબનમ મિરઝા, શાળા પરિવાર તથા શિક્ષકોએ વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સની ચારેય શાખાઓમાં નવરાત્રિની રંગેચંગે ઉજવણી



સુરતઃ ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સની કતારગામ, ઉત્તરાણ, પાલ અને સચિન એમ ચારેય શાખાઓમાં નવરાત્રિ પર્વની ઉત્સાહભેર અને પરંપરાગત રંગોમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બેસ્ટ કોસ્ચ્યુમ અને બેસ્ટ ખેલૈયા કેટેગરીમાં પસંદગી પામેલા વિદ્યાર્થીઓને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ગજેરા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સ, સુરત ના મેનેજિંગ ટ્રસ્ટી ચુનીભાઇ ગજેરા આરતીમાં જોડાયા હતા.

જીવનભારતી મંડળ દ્વારા પ્રતિભાવંત વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



સુરતઃ જીવનભારતી મંડળ દ્વારા બાબુભાઈ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત પ્રતિભાવંત વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન ગત તા.19મીના રોજ શનિવારે કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિની ખ્વાહીશ ભરૂચાવાલાને પ્રતિભાવંત વિદ્યાર્થિની એવોર્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. જ્યારે ક્રિયાંશ પ્રજાપતિ અને હર્ષ કિલ્લેદારને પ્રતિભાના પંથે વિદ્યાર્થી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. શાળાના આચાર્યા હિનાબહેન પવાર તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

SVNITમાં 4 દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ



સુરતઃ SVNIT સુરતના સિવિલ એન્જિનિયરિંગ વિભાગ અને ઇન્ડિયન જીઓટેક્નિકલ સોસાયટી (IGS)ના સુરત ચેપ્ટર દ્વારા યુનિવર્સિટી ઓફ ઇલિનોઇસ શિકાગો (અમેરિકા) અને એનઆઇટી જલંધરના સહયોગથી 22થી 25 ઓક્ટોબર દરમિયાન સાતમી આંતરરાષ્ટ્રીય પરિષદ 'EGRWSE-2026'યોજાઈ હતી. તેમાં 12 દેશોના 350થી વધુ સંશોધકો, શિક્ષણવિદો અને ઉદ્યોગ નિષ્ણાતો જોડાયા હતા. ઉદ્ઘાટનમાં SVNITના ડિરેક્ટર પ્રો. અનુપમ શુક્લા મુખ્ય અતિથિ અને IGSના પ્રમુખ ડો. અનિલ જોસેફ અતિથિવિશેષ રહ્યા હતા. પ્રો. કૃષ્ણ આર. રેડ્ડી, પ્રો. અરવિંદ કે. અગ્નિહોત્રી અને પ્રો. ચંદ્રેશ એચ. સોલંકીએ પરિષદનું નેતૃત્વ કર્યું હતું.

પ્રો. જિગર દેસાઈએ પીએચ.ડી.ની પદવી મેળવી



સુરતઃ સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનિયરીંગ એન્ડ ટેક્નોલોજીના મિકેનિકલ એન્જીનિયરીંગ ડિપાર્ટમેન્ટમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કાર્યરત પ્રો. જિગર પ્રદીપભાઈ દેસાઈએ રજૂ કરેલા મહાશોધ નિબંધ "Role of Ultrasonic Streaming and Cavitation in Liquid Metal Processing" ને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, આઈઆઈટી બોમ્બેએ માન્ય રાખી, પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય ડોક્ટર શ્યામ પ્રસાદ કરાગડે અને ડોક્ટર અતુલ શર્માના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું હતું.

વનિતા વિશ્રામ યુનિવર્સિટીમાં 'રાસ 3.0' પ્રદર્શન યોજાયું



સુરતઃ વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ વોકેશનલ સ્ટડીઝના ફેશન ડિઝાઇનિંગ વિભાગ દ્વારા 'રાસ 3.0' પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. બી.વોક. અને એમ.વોક. ફેશન ડિઝાઇનિંગના વિદ્યાર્થીઓએ વિવિધ હસ્તનિર્મિત અને સર્જનાત્મક ઉત્પાદનો રજૂ કરી પોતાની કારીગરી અને કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. પ્રોવોસ્ટ ડો. દક્ષેશ ઠાકરના માર્ગદર્શન અને સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં ફેશન ડિઝાઇનિંગ વિભાગના હેડ ડો. મેઘા ગોહિલ તેમજ અધ્યાપકોએ માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપતું 'રાસ 3.0' સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

હવાઈ સફર, સ્થાનિક પરિવહન અને 2,500ના દર્શન પાસનું પેકેજ

સિંહસ્થ કુંભ : નાસિક સુરત વચ્ચે હેલિકોપ્ટર સેવા શરૂ થશે

જલગાંવ, ધુલિયા, સુરત અને વલસાડથી ઉડ્ડયનોની યોજના

ગુજરાતમિત્ર વિશેષ

સુરત : આગામી સિંહસ્થ કુંભ મેળાને ધ્યાનમાં રાખીને ત્ર્યંબકેશ્વર આવતા શ્રદ્ધાળુઓની યાત્રા સુગમ અને ઝડપી બનાવવા માટે જિલ્લા વહીવટીતંત્રે હેલિકોપ્ટર સેવા શરૂ કરવા માટેની તૈયારીઓ



ઝડપી બનાવી દીધી છે. નાસિક-ત્ર્યંબકેશ્વર કુંભ મેળા ઓથોરિટી દ્વારા વિકસાવવામાં આવેલા નવા હેલિપેડ મારફતે મુંબઈ, પુણે, સુરત અને વલસાડ સહિત ઘણા અગ્રણી શહેરોમાંથી શ્રદ્ધાળુઓ સીધા ત્ર્યંબકેશ્વર પહોંચી શકશે. ખાનગી ઓપરેટરો દ્વારા આ સેવા 2 નવેમ્બરથી શરૂ થવાની શક્યતા દર્શાવવામાં આવી છે. આનાથી ધાર્મિક પ્રવાસનને પણ પ્રોત્સાહન મળવાની આશા છે.



દેશના 12 જ્યોતિર્લિંગોમાં સામેલ શ્રી ત્ર્યંબકેશ્વર મંદિરમાં



વર્ષભર લાખો શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચે છે. સિંહસ્થ કુંભ મેળા દરમિયાન શ્રદ્ધાળુઓની સંખ્યા નોંધપાત્ર રીતે વધવાની શક્યતા છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ત્ર્યંબકેશ્વરમાં નવું હેલિપેડ વિકસાવવામાં આવ્યું છે, જ્યાં એકસાથે ત્રણ હેલિકોપ્ટરના સંચાલનની ક્ષમતા રાખવામાં આવી છે. નાસિકના સત્તાવાર જણાવ્યા અનુસાર, મુંબઈ, પુણે, છત્રપતિ સંભાજીનગર, જળગાંવ, ધુલિયા, સુરત અને વલસાડથી શ્રદ્ધાળુઓ માટે હવાઈ સેવા ઉપલબ્ધ કરાવવાની યોજના છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે હવાઈ યાત્રાની સાથે સ્થાનિક પરિવહન અને 2,500ના સત્તાવાર પેઇડ દર્શન પાસને જોડીને એક સંયુક્ત પેકેજ રજૂ કરવાની યોજના બનાવવામાં આવી છે.

મંત્રાલયમાંથી તરત પરમિશન આપવાની સૂચના મળી છે

આ અંગે સુરત એરપોર્ટ ડાયરેક્ટર આનંદકુમાર શર્માએ જણાવ્યું હતું કે, હજી સુધી નાસિક માટેના હેલિકોપ્ટરની અરજી અમને મળી નથી. જો કે, નાગરિક ઉડ્ડયન મંત્રાલય તરફથી સિંહસ્થ કુંભ માટે હેલિકોપ્ટર માટેની અરજી આવે તો તાત્કાલિક તે મંજૂર કરવાની સૂચના આપવામાં આવી છે.

સુરતથી નાસિક	બાય રોડ 230 કીમી 7 કલાક	રેલમાર્ગ 174 કીમી 8 કલાક	હેલિકોપ્ટર 164 કીમી 55 મિનીટ

સુરતના વિવર્સ 8 નવેમ્બરથી 15 દિવસનું દિવાળી વેકેશન રાખશે

સુરત વિવર્સ એસો.નો સર્વાનુમતે નિર્ણય

વેકેશન લાંબું રહે તો 60 કરોડ મીટર કાપડ પાઇપલાઇનમાંથી બહાર આવવાની આશા

સુરતઃ સુરત વિવર્સ એસોસિએશનના સાયણ ઝોનની બેઠક પ્રમુખ વિજય માંગુકિયાના નેતૃત્વમાં યોજાઈ હતી, જેમાં વિવિંગ ઉદ્યોગની પ્રવર્તમાન આર્થિક સ્થિતિ અને દિવાળી બાદની પરિસ્થિતિને પહોંચી વળવા માટે 8 નવેમ્બરથી 15 દિવસનું દિવાળી વેકેશન રાખવાનો સામૂહિક અને સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, જે વિવર્સ વધુ સમય સુધી કારખાનાં બંધ રાખવા ઇચ્છતા હોય તેઓ સ્વૈચ્છિક રીતે વેકેશન લંબાવી શકશે.



થ્રેડ અને જરી ઉદ્યોગમાં 7 નવેમ્બરથી 10 દિવસનું દિવાળી વેકેશન જાહેર

સુરતના થ્રેડ અને જરી ઉદ્યોગમાં દિવાળીના પર્વ નિમિત્તે 10 દિવસનું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. સિક્યોર એમ્બ્રો થ્રેડ એન્ડ જરી એસોસિએશન (SETJA) દ્વારા 7 નવેમ્બરથી 16 નવેમ્બર, 2026 સુધી દિવાળી વેકેશન રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એસોસિએશન દ્વારા થ્રેડ અને જરી ઉદ્યોગ સાથે સંકળાયેલા તમામ વેપારીઓ, દુકાનદારો અને ડીલરોને આ સમયગાળા દરમિયાન પોતાના વેપાર-ધંધા બંધ રાખી વેકેશનનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે. તમામ સભ્યોને વેકેશનને ધ્યાનમાં રાખીને વેપારનું આયોજન કરવા પણ જણાવાયું છે. SETJA પરિવાર દ્વારા ઉદ્યોગના તમામ વેપારીઓ અને તેમના પરિવારજનોને દિવાળી તથા નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

IDBIના ખાનગીકરણ સામે બે દિવસની હડતાળ, સુરતમાં દેખાવો



■ આઇડીબીઆઈ બેંકના પ્રસ્તાવિત ખાનગીકરણના વિરોધમાં બેંકના અધિકારીઓ અને કર્મચારીઓએ દેશવ્યાપી બે દિવસની હડતાળ શરૂ કરી છે. 2 અને 3 નવેમ્બર દરમિયાન યોજાયેલી આ હડતાળના પ્રથમ દિવસે સુરત સહિત દેશભરમાં બેંકના કર્મચારીઓ અને અધિકારીઓ હડતાળમાં જોડાતાં બેંકિંગ કામગીરી પર અસર જોવા મળી હતી. ખાનગીકરણનો નિર્ણય પાછો ખેંચવાની માગ સાથે આવતીકાલે 3 નવેમ્બરે પણ હડતાળ ચાલુ રહેશે.

સુરત એરપોર્ટ કે પશુઓનું ચરિયાણ મેદાન? ફરી બળદની ઘૂસણખોરીનો વિડીયો વાઈરલ

એરપોર્ટના એક્ઝિટ બુથ નજીક સાંઢ ઘાસ ચરતો હોવાનો અને કૂતરાં ફરતા હોવાનો વિડીયો વાઈરલ થતાં તંત્રએ પાલિકાને જાણ કરી દૂર કર્યાં



સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફરી એક વખત રખડતાં પશુઓની ઘૂસણખોરીની ચોંકાવનારી ઘટના સામે આવી છે. રવિવારે રાત્રે એરપોર્ટના એક્ઝિટ બુથ નજીક ખુલ્લા મેદાનમાં એક સાંઢ નિર્ભયતાથી ઘાસ ચરતો હોવાનો વિડીયો વાઈરલ થતાં એરપોર્ટની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. અગાઉ 26 જુલાઈએ પણ એરપોર્ટના પ્રવેશ માર્ગ પર બળદ દોડતો જોવા મળ્યો હતો.

એરપોર્ટના એક્ઝિટ બુથ નજીક સાંઢ ઘાસ ચરતો હોવાનો અને કૂતરાં ફરતાં હોવાનો વિડીયો વાઈરલ થતાં તંત્રએ પાલિકાને જાણ કરી દૂર કર્યાં હતાં. આ અંગે એરપોર્ટના અધિકારીઓના જણાવ્યા મુજબ એરપોર્ટની આસપાસ ગ્રામીણ વિસ્તાર હોવાથી ક્યારેક પશુઓ અંદર ઘૂસી આવે છે. કર્મચારીઓના ધ્યાનમાં આવતાં તેમને બહાર ખસેડવામાં આવે છે અથવા સુરત મહાનગરપાલિકાની ઢોર ડબ્બા પાર્ટીને જાણ કરીને ખદેડવામાં આવે છે. પરંતુ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પશુઓ ઘૂસી આવવાની સમસ્યા વારંવાર સર્જાય તે ચિંતાજનક છે. બંને પ્રવેશદ્વારો પર પશુઓને રોકવા કેટલ ગ્રિડ જેવી વ્યવસ્થા હોવા છતાં ઘૂસણખોરી અટકતી નથી.

નોંધનીય છે કે, 6 નવેમ્બર, 2014ના રોજ સુરતથી દિલ્હી જતી સ્પાઇસજેટની ફ્લાઇટ SG-622 ટેક-ઓફ દરમિયાન રન-વે પર આવી ગયેલી ભેંસ સાથે અથડાઈ હતી. વિમાનના ડાબા એન્જિનને નુકસાન થતાં ટેક-ઓફ રદ કરાયું હતું. સદનસીબે 151 મુસાફર અને છ ક્રૂ સભ્ય સુરક્ષિત રહ્યા હતા.

એક દાયકા બાદ પણ આવી ઘટનાઓ સામે આવતાં સવાલ થાય છે કે અગાઉની ગંભીર ઘટનામાંથી AAIએ શું બોધપાઠ લીધો? બાઉન્ડરી વોલ, ફેન્સિંગ અને કેટલ ગ્રિડનું તાત્કાલિક ટેકનિકલ ઓડિટ કરી ખામીઓ દૂર કરવી જરૂરી છે. રન-વે અને ટેક્સી-વે સુધી પશુઓ પહોંચે તે પહેલાં જ ઘૂસણખોરી રોકવી એરપોર્ટ તંત્રની અનિવાર્ય જવાબદારી છે.

ગોડાદરામાં નવી બંધાતી માર્કેટમાં શંકાસ્પદ યુવકનું મોત

સુરત : ગોડાદરામાં નવી બંધાતી પોલારિસ માર્કેટની કન્સ્ટ્રક્શન સાઇટ પર વહેલી સવારે બિલ્ડિંગના સી અને ડી બ્લોક વચ્ચે ઉપરના માળેથી નીચે પટકાતાં 18થી 20 વર્ષના અજાણ્યા યુવકનું શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં યુવક ચોરીના ઈરાદે સાઇટ પર આવ્યો હોવાની આશંકા વ્યક્ત કરાઈ હતી.

૧.૩૭ લાખનો પગાર મેળવતા SI એ સફાઈ કામદાર મારફત 11 હજારની લાંચ માંગી

પીપલોદ આરોગ્ય કચેરીમાં ફટાકડાના લાઇસન્સ માટે લાંચ માંગનાર સેનેટરી ઇન્સ્પેક્ટર સાથે સફાઇ કામદાર ઝડપાયો

સેનેટરી ઇન્સ્પેક્ટર અને સફાઇ કામદાર સામે લાંચનો ગુનો નોંધાયો





સુરત : ફટાકડાના વેચાણ માટે કાયદેસરનું લાયસન્સ મેળવવા અરજી કરનાર જાગૃત નાગરિક પાસે રૂપિયા ૧૧ હજારની લાંચ માગવામાં આવી હતી. ACBના છટકામાં સેનેટરી ઈન્સ્પેક્ટરના ઇશારે સફાઈ કામદારે લાંચની રકમ સ્વીકારતાં બંનેને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. ખાસ વાત એ છે કે સેનેટરી ઈન્સ્પેક્ટર માસિક રૂપિયા ૧.૩૭ લાખનો પગાર મેળવતા હોવા છતાં લાંચના કેસમાં સપડાયા છે અને વર્ષ ૨૦૨૮માં નિવૃત્ત થવાના છે. સફાઈ કામદારનો માસિક પગાર રૂપિયા ૩૦ હજાર છે.

સુરતના એક જાગૃત નાગરિકે આગામી તહેવારો દરમિયાન ફટાકડાના વેચાણ અર્થે કાયદેસરનું લાયસન્સ મેળવવા માટે વોર્ડ નં. ૩૭ (એ), પીપલોદ આરોગ્ય કચેરી ખાતે નિયમાનુસાર અરજી કરી હતી. જોકે, અરજી મુજબ કાયદેસરની કાર્યવાહી કરી પાસ કે મંજૂરી આપવાના બદલામાં સેનેટરી ઈન્સ્પેક્ટર વિપુલકુમાર જયંતકુમાર જોશી (ઉ.વ. ૫૬, વર્ગ-૩) એ અરજદાર પાસે રૂપિયા 11 હજારની લાંચની માંગણી કરી હતી.

જેથી સુરત ગ્રામ્ય ACB પોલીસ સ્ટેશનના પી.આઈ. એસ. ડી. ધોબી તથા તેમની ટીમે પીપલોદ આરોગ્ય કચેરી ખાતે ટ્રેપ ગોઠવતાં સેનેટરી ઈન્સ્પેક્ટર વિપુલ જોશીના ઈશારે સફાઈ કામદાર શૈલેષભાઈ કીશનભાઈ સોલંકી (ઉ.વ. ૩૭, વર્ગ-૪) રૂપિયા 11 હજારની લાંચની રકમ સ્વીકારતા પકડાઈ ગયો હતો.

જેથી એસીબીની ટીમે સેનેટરી ઈન્સ્પેક્ટર વિપુલ જોશી અને સફાઈ કામદાર શૈલેષ સોલંકી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

ગ્રે કાપડના વેપારી સાથે રૂપિયા 7.65 લાખની છેતરપિંડી

સુરત : વરાછા વિસ્તારમાં રંગ અવધૂત સોસાયટીમાં રહેતા અને પીપોદરા ખાતે રાજહંસ ફિલાલિન્ડિયાડમાં 'શિવ ટેક્ષ' નામે ભાગીદારી પેઢી ચલાવી કાપડનો વેપાર કરતા મુકેશભાઈ પરષોતમભાઈ હીરપરા (ઉ.વ. 51)નો જુલાઈ-2026માં 'એક્ઝોટિકા ફેશન વર્લ્ડ' ના પ્રોપરાઈટર પ્રિયંક સંજયભાઈ આલગીયા સાથે પરિચય થયો હતો. પ્રિયંકે મુકેશભાઈ પાસેથી ગત તા. 16/07/2026 થી તા. 18/10/2026 દરમિયાન અલગ-અલગ બિલથી કુલ રૂપિયા 13,36,637 ની કિંમતનો અલગ-અલગ ક્વોલિટીનો ગ્રે કાપડનો માલ ઉધાર આપ્યો હતો. અને થોડું પેમેન્ટ આપીને બાકી નીકળતી મોટી રકમ રૂપિયા 7,65,494 ની ઉઘરાણી કરવા માટે મુકેશભાઈએ તકાદો કરતા પ્રિયંકે પોતાનો મોબાઈલ ફોન બંધ કરી દીધો હતો. જ્યારે વેપારી તેની સારોલી માર્કેટ સ્થિત દુકાને રૂબરૂ ગયા ત્યારે દુકાન બંધ હાલતમાં મળી આવી હતી અને તે નાસી છૂટ્યો હતો.